ક્રમાંક: રાપબો/એ.ટી.ડી. પરીક્ષા/પરીણામ/૨૦૨૧/૯૨૯૯ - ૯૨૨૨

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ઇ-મેલ: gseb21@gmail.com
તારીખ:૦૬/૧૦/૨૦૨૧

જાહેરનામુ:-

**વંચાણે લીધા: (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: રાપબો/ATD/૨૦૨૦-૨૧/૨૧૫૫-૨૧૭૨, તા:૦૮/૦૩/૨૦૨૧**

**(૨) અત્રેની કચેરીના સુધારેલ જાહેરનામા ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા/૨૦૨૦-૨૧/૪૪૮૦-૪૪૯૯, તા:૨૯/૦૬/૨૦૨૧**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા. ગાંધીનગર દ્વારા આમુખ-૧ અનુસારના જાહેરનામા અનુસાર એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષની પરીક્ષાઓ કોરોના વાયરસ ના કારણે મોકૂફ રાખવામાં આવેલ હતી. તથા આ પરીક્ષાઓનો સુધારેલો કાર્યક્રમ આમુખ-૨ અનુસારના સુધારેલા જાહેરનામાથી બહાર પાડવામાં આવેલ હતો. આ જાહેરનામા અન્વયે એ.ટી.ડી. દ્વિતિય વર્ષ પરીક્ષા વર્ષ-૨૦૨૧ વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી તથા એ.ટી.ડી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને મેરીટ બેઝડ પ્રોગ્રેસન આપવામાં આવેલ છે. એ.ટી.ડી. પ્રથમ વર્ષ અને દ્વિતિય વર્ષ પરીક્ષાનું પરીણામ આજ તા.૦૬/૧૦/૨૦૨૧ ના રોજ જાહેર કરવામાં આવે છે. ઉક્ત તમામ પરીક્ષાના પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર પણ જોવા મળશે. સંબંધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઇગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી, સંબંધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

એ.ટી.ડી. પરીક્ષા પરીણામ - ૨૦૨૧ ની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એ.ટી.ડી. પ્રથમ વર્ષ | ૧૦૫ | (M.B.P.) | ૧૦૫ | ૦૦ | ૧૦૦% |
| ૨ | એ.ટી.ડી. દ્વિતિય વર્ષ | ૨૦૭ | ૧૮૭ | ૧૮૪ | ૩ | ૯૮.૩૯% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેમણે તે અંગેની અરજી (રીચેકિંગનું ફોર્મ) તથા ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો) ભરવાની રહેશે. આ મુજબ ગુણ ચકાસણી ફીની કુલ રોકડ રકમ તથા અરજી પરીણામ જાહેર કર્યા તારીખથી દિન-૭ માં, તા:૧૨/૧૦/૨૦૨૧ સુધીમાં ઉમેદવારે પોતાની સંસ્થા ખાતે જમા કરાવવાની રહેશે. **તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં.** આ ગુણ ચકાસણી માત્ર થીયરીના વિષયો અને વાર્ષિક પ્રેક્ટિકલ પરીક્ષાની કામગીરીના પેપરોમાં જ થઈ શકશે. ગુણચકાસણી અંગેની અરજીઓ (ફોર્મ) તથા ગુણ ચકાસણી માટે એકત્ર કરેલ ફીની કુલ રકમનો ડી.ડી. સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને તા.૧૪/૧૦/૨૦૨૧ સુધીમાં મોકલી આપવાના રહેશે. ગુણ ચકાસણી ફી ની રકમનો આ ડિમાન્ડ ડ્રાફ્ટ **'સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર'** ના નામનો કાઢવાનો રહેશે. આ ફોર્મ અને ડિમાન્ડ ડ્રાફ્ટ જે-તે સંસ્થાએ બોર્ડને મોકલી આપવાની અંતીમ તારીખ વિતિ ગયા બાદ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ
આચાર્યશ્રી, એ.ટી.ડી. કોલેજ (સંબંધિત)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**
-માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
-માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી, ગાંધીનગર

Scanned by CamScanner